**<u>આંક–૬ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ અરજી મુળ ફરીયાદી તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે તપાસ કરનાર અધીકારીશ્રી એ કરેલ ક્ષતિયુકત તપાસ, દહેજ ની વસ્તુઓ કબજે કર્યા સિવાય આરોપી ને જામીન મુકત કરવા બાબતે તપાસ કરનાર અધીકારીશ્રી નુ સોગંદનામુ રેકર્ડ પર લેવા માટે હાલની અરજી આપેલ છે.અરજી અન્વયે ફરીયાદપક્ષ તેમજ આરોપીઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) આ કેસ માં આરોપીઓ વિરૂદધ બી.એન.એસ.ની ૮૫,૨૯૬,૧૧૫(૨),૫૪ અને દહેજ પ્રતિબંધક અધીનીયમ ની કલમ.૩ અને ૭ મુજબ ચાર્જશીટ કરવા માં આવેલ છે. સદરહુ કેસ ચાર્જ ફ્રેમ રાખેલ અને દરમ્યાન હાલ ની અરજી તેમજ અન્ય અરજીઓ રજુ થયેલ છે. આ કેસ માં એ નોંધવુ જરૂરી છે કે,મુળ ફરીયાદી દ્વારા આ ગુના ની ફરીયાદ તારીખ ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ દાખલ કરવા માં આવેલ હતી.જે ફરીયાદ ની હકીકત વંચાણે લેતા,હાલ ની અરજી માં જે હકીકતો સ્ત્રીધન ની વસ્તુઓ બાબતે જણાવેલ છે તેવી હકીકતો ફરીયાદ માં જણાવેલ નથી.આ ફરીયાદ માં એટલે ફરીયાદીએ દાખલ કરેલ ફરીયાદ ની વિગત લક્ષ માં લેતા,તેમાં સ્ત્રીધન ની વસ્તુઓ બાબતે ની કોઇ હકીકત જણાવેલ નથી અને તે સંજોગો માં હાલ ના કેસ માં ફરીયાદી હાલ ની અરજી માં જે વિગતો અન્વયે ગુનો થયેલ હોવા નુ જણાવે છે તે બાબતે મુળ ફરીયાદ માં કોઇ હકીકતો જણાવેલ ના હોય,આ અરજી ટકવાપાત્ર રહેતી નથી તેવુ આ કોર્ટ નુ નમ્રપણે માનવુ છે.આથી,આ અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી,આ કેસ ની મુળ ફરીયાદ માં હાલની અરજી માં જણાવેલ હકીકતો અંગે ની કોઇ હકીકત જણાવેલ ના હોય,હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી

અમદાવાદ

Code : GJ00956